Seat No. : _______________

# KM-111

**April-2014**

## M.A. Part-II (Annual Pattern)
## Gujarati : Paper-V
## (ગ્રંથકાર નરસિંહ)

**Time : 3 Hours]** **[Max. Marks : 100**

1. નીચેના પ્રશ્નો વાંચી, તેની નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચા વિકલ્પ પર ✓ ની નિશાની કરી, આ પૃષ્ઠને જવાબપત્ર સાથે અચૂક જોડી દેવા. **20**

(1) નરસિંહ મહેતાના પિતાનું નામ શું હતું ?

(a) વિષ્ણુદાસ (b) પર્વતદાસ
(c) કેશવ (d) કૃષ્ણદાસ

(2) નરસિંહ કયા ભગવાનના ભક્ત હતા ?

(a) શંકર (b) કૃષ્ણ
(c) મહાવીર (d) માતાજી

(3) નરસિંહનો સર્વમાન્ય સમય કયો ?

(a) 1514 થી 1580 (b) 1314 થી 1380
(c) 1614 થી 1680 (d) 1414 થી 1480

(4) પુત્ર વિવાહના પદની સંખ્યા કેટલી ?

(a) 36 (b) 26
(c) 34 (d) 35

(5) નરસિંહની પત્નીનું નામ શું ?

(a) પાનબાઈ (b) માણેક
(c) રતન (d) હીરા

(6) 'આ પેલો ચાંઈલિયો મા ! મને રમવાને આલો' –

(a) ભક્તિના પદ (b) જ્ઞાનના પદ
(c) ચાતુરીઓ (d) બાળલીલાના પદ

(7) 'મરમ-વચન કહ્યાં ભાણીએ હુને તે માહરા પ્રાણમાં રહ્યાં વળુંધી' –

(a) હારમાળા (b) ચાતુરીઓ
(c) પુત્ર વિવાહના પદ (d) શૃંગારના પદ

(8) નીચેનામાંથી કઈ કૃતિ નરસિંહની આત્મચરિત્રાત્મક કૃતિ નથી :

(a) હૂંડીના પદ (b) ઝરીનાં પદ
(c) મામેરાંના પદ (d) શૃંગારના પદ

(9) જળકમળ છાંડી જાને બાળા સ્વામી અમારો જાગશે. –

(a) ભક્તિના પદ (b) બાળલીલાના પદ

(c) વિરહના પદ (d) ચાંલ્લાના પદ

(10) નાગરી નાતે તો કીધી છે ઠેકડી, તીરથવાસીએ જાણ્યું સાચુ –

(a) હૂંડીના પદ (b) ઝરીના પદ

(c) ચાંલ્લાના પદ (d) ચાતુરીઓ

(11) નરસિંહના સમય વિશે ચર્ચા કરનારા વિવેચકોના કોઈપણ બે નામ આપો.

(a) ____________________ (b) ____________________

(12) કોઈ દેશી નરસિંહના પદોમાં વારંવાર વપરાઈ છે ?

(a) ઝૂલણા (b) શિખરીણિ

(c) છપ્પા (d) પદ

(13) નરસિંહની કૃતિઓની જૂનામાં જૂની હસ્તપ્રતો કયા સૈકાની મળે છે ?

(a) 17મા સૈકાની (b) 16મા સૈકાની

(c) 19મા સૈકાની (d) 14મા સૈકાની

(14) 'સુખ દુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીયા' –

(a) વૈરાગ્યના પદ (b) ભક્તિના પદ

(c) વિરહના પદ (d) ઝરીના પદ

(15) પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે. –

(a) જ્ઞાનના પદ (b) ભક્તિના પદ

(c) શૃંગારના પદ (d) વિવાહના પદ

(16) નરસિંહના ઝરીના પદમાં નરસિંહને પાણી કોણ પીવડાવે છે ?

(a) કૃષ્ણ (b) રતનબાઈ

(c) મિત્ર (d) શંકર ભગવાન

(17) હરિ આવ્યા છે નારીના વેશે રે એને કોઈ જુઓ રે. –

(a) ઝરીના પદ (b) ભક્તિના પદ

(c) હૂંડીનાં પદ (d) વિવાહના પદ

(18) પાછલી રાતના નાથ પાછા વળ્યા ; શું કરું રે સખી ? હું ન જાગી. –

(a) શૃંગારના પદ (b) વૈરાગ્યના પદ

(c) બાળલીલાના પદ (d) ભક્તિના પદ

(19) જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી. –

(a) ભક્તિના પદ (b) તત્ત્વજ્ઞાનના પદ

(c) શૃંગારના પદ (d) વિવાહના પદ

(20) નીરખને ગગનનાં કોણ ઘૂસી રહ્યો ?
'તે જ હું તે જ હું' શબ્દ બોલે.

(a) બાળલીલાના પદ (b) વાંસળીના પદ

(c) તત્ત્વબોધના પદ (d) ભક્તિના પદ

2. પદનું સ્વરૂપ સમજાવી, નરસિંહ મહેતાની પદ કવિ તરીકેની વિશેષતાઓનો પરિચય કરાવો. **20**

**અથવા**

નરસિંહની આખ્યાનકલ્પ કૃતિઓના નામ આપી, કોઈપણ બે આખ્યાનકલ્પ કૃતિઓનો પરિચય આપો.

3. 'નરસિંહની કૃષ્ણ કવિતા શૃંગારપ્રીતિના ઉર્મિગીતો છે.' – વિધાનની ચર્ચા કરો. **20**

**અથવા**

નરસિંહની 'હાર', 'હૂંડી' – આ બંને આત્મચરિત્રાત્મક કૃતિઓનો પરિચય કરાવો.

4. નરસિંહના ભક્તિનાં પદોમાં પ્રગટ થતું કાવ્યતત્ત્વ સદૃષ્ટાંત સમજાવો. **20**

**અથવા**

'બાળલીલાના પદો'માં પ્રગટ થતાં વાત્સલ્યરસનો પરિચય નિદર્શનો સાથે કરાવો.

5. નરસિંહના તત્ત્વજ્ઞાનના પદોમાં પ્રગટ થતાં કાવ્યત્વનો પરિચય સદૃષ્ટાંત કરાવો. **20**

**અથવા**

નરસિંહ પહેલાં ભક્ત છે કે કવિ ? તમારા અભિપ્રાયને કારણો સાથે સદૃષ્ટાંત સમજાવો.

---